## Section A

## વિભાગ A

*Instructions: This section has a scenario. Read carefully before answering the subsequent questions. There are 4 questions in this section. All questions are compulsory. Each question has 3 or 2 options. Choose ONLY ONE option which you consider the most appropriate and mark it on the answer sheet given to you.*

*સૂચનાઓ - આ વિભાગમાં એક કેસ છે. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપતા પહેલા, કેસ ધ્યાનથી વાંચો. આ વિભાગમાં 4 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 અથવા 2 વિકલ્પો છે. ફક્ત એક જ વિકલ્પ પસંદ કરો જે તમને સૌથી યોગ્ય લાગે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.*

***(Max. Marks: 10; Min. Marks: 0)***
***(મહત્તમ ગુણ: 10; ન્યૂનતમ ગુણ: 0)***

Neeraj Chopra has emerged as a significant contributor in the field of athletics. His journey began with passion for javelin throwing during his early years in Panipat, India. Despite facing injuries, he displayed exceptional dedication and trained rigorously to improve his skills.

He goes beyond winning medals and actively supports and encourages other aspiring athletes in the country. Neeraj won a gold medal at the Tokyo 2020 Olympics which made India proud.

Off the field, Neeraj is known for his humility and focused mindset, earning respect not just for his sporting achievements but also for his sportsmanship. As a role model and contributor to Indian sports, Neeraj Chopra's journey reflects the power of determination and hard work in achieving extraordinary success.

*નીરજ ચોપરા એથ્લેટિક્સના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ યોગદાનકર્તા તરીકે ઓળખાય છે. ભારતના પાણીપતમાં શરૂઆતના વર્ષોમાં ભાલા ફેંકવાના શોખથી તેમની સફર શરૂ થઈ હતી. ઇજાઓનો સામનો કરવા છતાં, તેમણે અસાધારણ સમર્પણ દર્શાવ્યું અને પોતાની કુશળતા સુધારવા માટે સખત તાલીમ લીધી.*

*તે મેડલ જીતવા ઉપરાંત દેશના અન્ય મહત્વાકાંક્ષી ખેલાડીઓને સક્રિયપણે ટેકો અને પ્રોત્સાહન આપે છે. નીરજે ટોક્યો 2020 ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું.*

*મેદાનની બહાર, નીરજ તેમની નમ્રતા અને ધ્યાન-કેન્દ્રિત માનસિકતા માટે જાણીતા છે, જે ફક્ત તેમની રમતગમતની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ, તેમની રમતગમત ભાવના માટે પણ આદર મેળવે છે. ભારતીય રમતગમતમાં એક રોલ મોડેલ અને યોગદાનકર્તા તરીકે, નીરજ ચોપરાની યાત્રા અસાધારણ સફળતા પ્રાપ્ત કરવામાં નિશ્ચય અને સખત મહેનતની શક્તિને પ્રતિબિંબિત કરે છે.*

1. Which of these statements demonstrate Neeraj's most expanded Zone of I-CAN?
   a] "I-CAN practice religiously and consistently to gain mastery in the sport." [3]
   b] "I-CAN continue pursuing the sport despite injuries." [2]
   c] "I-CAN win all tough competitions." [0]

1. આમાંથી કયું વિધાન, નીરજના આઈ કેન ના સૌથી વધુ વિસ્તરેલ ઝોનને દર્શાવે છે?
   a] "રમતમાં નિપુણતા મેળવવા માટે સતત પ્રેક્ટિસ કરવાનું આઈ કેન." [3]
   b] "ઇજાઓ હોવા છતાં રમતગમત ચાલુ રાખવાનું આઈ કેન." [1]
   c] "કઠિન સ્પર્ધાઓ જીતી શકવાનું આઈ કેન." [0]

*Explanation:*
- *Module 3: The I-CAN Approach – 3.3 Expanding our zone of I-CANs to the next level*
- *Here, the students learn to apply the I-CAN Approach or way of thinking to systematically develop themselves and their self-confidence in any area they choose*

સમજૂતી –
- **સંદર્ભ** – મૉડ્યુલ *3:* આઈ કેન અભિગમ (અપ્રોચ) – *3.3* આપણા આઈ કેન ઝોનને આગલા સ્તર સુધી વિસ્તૃત કરવું.
- અહીં, વિદ્યાર્થીઓ પસંદ કરેલા કોઈપણ ક્ષેત્રમાં પોતાને અને તેમના આત્મવિશ્વાસને વ્યવસ્થિત રીતે વિકસાવવા માટે આઈ કેન અભિગમ અથવા વિચારવાની રીત લાગુ કરવાનું શીખી શકે છે.

2. We can say that Neeraj used a contributive approach to grow his Tree of Sustainable Success because –
   a] He seeks excellence – he wants to keep improving his javelin throw. [2]
   b] He looks for smart strategies to win all competitions at any cost. [0]

2. નીરજે તેમની ટકાઉ (સસ્ટેનેબલ) સફળતાના વૃક્ષને વિકસાવવા માટે યોગદાનકર્તા અભિગમનો ઉપયોગ કર્યો કારણ કે -
   a] તેઓ શ્રેષ્ઠતા શોધે છે - તેમના ભાલા ફેંકમાં સતત સુધારો કરવા માંગે છે. [2]
   b] તેઓ કોઈપણ કિંમતે તમામ સ્પર્ધાઓ જીતવા માટે સ્માર્ટ વ્યૂહરચના શોધે છે. [0]

*Explanation:*
- *Module 4: Achieving Sustainable Success in our Career – E: 4.3 How to holistically grow my Tree of Fulfillment*
- *Here, students are able to widen their understanding of success that will help them make more sustainable career choices*

સમજૂતી –
- મૉડ્યુલ *4:* આપણી કારકિર્દીમાં ટકાઉ અને લાંબી (સસ્ટેનેબલ) સફળતા મેળવવા માટે – *E: 4.3* મારા સફળતાના વૃક્ષને સર્વગ્રાહી રીતે કેવી રીતે વધારવું.
- અહીં, વિદ્યાર્થીઓ સફળતાની તેમની સમજને વિસ્તૃત કરી શકે છે જે તેમને વધુ ટકાઉ કારકિર્દી ની પસંદગીઓ કરવામાં મદદ કરશે.

3. Shalin is a swimmer. He has been injured a few times, and it has affected his chances to qualify for the State level competition. Which of the following options demonstrate a Creator Approach?
   a] "I can get professionals to help understand where I am going wrong and how to prevent injuring myself during practice." [2]

SAMPLE QUESTIONS

b] “My injuries are slowing me down and causing me to perform poorly. Maybe I am not fit for tougher competitions.” [0]

3. શાલિન એક તરવૈયા છે. તે ઘણી વખત ઇજાગ્રસ્ત થયો છે અને તેની રાજ્ય સ્તરની સ્પર્ધા માટે ક્વોલિફાય થવાની તેની તકો પર અસર પડી છે. નીચેનામાંથી કયા વિકલ્પો સર્જક નો અભિગમ દર્શાવે છે?

a] “હું ક્યાં ખોટું કરી રહ્યો છું અને પ્રેક્ટિસ દરમિયાન મારી જાતને ઇજા કેવી રીતે અટકાવી શકું તે સમજવા માટે હું એક્સપર્ટસની મદદ લઇ શકું છું.” [૨]

b] “મારી ઇજાઓ મને ધીમી કરી રહી છે અને તેના કારણે ખરાબ પ્રદર્શન થઇ રહ્યું છે. કદાચ હું વધુ મુશ્કેલ સ્પર્ધાઓ માટે યોગ્ય નથી.” [0]

*Explanation:*

- *Module 2: The Creator Approach to life & challenges – 2.2 Creator practices, finding a way out of constraints*
- *Here, students learn ways to develop a Creator Approach*

સમજૂતી –

- મૉડ્યુલ *2:* જીવન અને પડકારો પ્રત્યે સર્જક અભિગમ (અપ્રોચ) – *2.2* સર્જક પ્રથાઓ, અવરોધોમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવો.
- અહીં, વિદ્યાર્થીઓ સર્જક અભિગમ વિકસાવવાની રીતો શીખે શકે છે.

4. Which of these best describe Contributors?

a] Contributors take pride in whatever they do. [3]

b] Contributors work towards achieving their personal goals to become experts in their fields. [2]

c] Contributors wait for challenging times to pass. [0]

4. આમાંથી કયું વિકલ્પ યોગદાનકર્તાઓ નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

a] યોગદાનકર્તાઓ જે કંઈ પણ કરે છે તેના પર ગર્વ અનુભવે છે. [3]

b] યોગદાનકર્તાઓ તેમના ક્ષેત્રોમાં નિષ્ણાત બનવા માટે તેમના વ્યક્તિગત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરે છે. [1]

c] યોગદાનકર્તાઓ પડકારજનક સમય પસાર થવાની રાહ જુએ છે. [0]

*Explanation:*

- *Module 1: Who is a Contributor – 1.2 Contributor’s approach to work*
- *Here, students are able to recognize the work ideal of a Contributor in terms of their motives for working and approach to work.*

*સમજૂતી –*

- *મૉડ્યુલ* 1: *યોગદાનકર્તા કોણ છે –* 1.2 *યોગદાનકર્તા નો તેમના કાર્ય પ્રત્યેનો અભિગમ*
- *અહીં, વિદ્યાર્થીઓ તેમના કાર્ય કરવાના હેતુઓ અને કાર્ય પ્રત્યેના અભિગમના સંદર્ભમાં યોગદાનકર્તા ના કાર્ય આદર્શને ઓળખી શકે છે.*

SAMPLE QUESTIONS

## Section B

## વિભાગ B

*Instructions: There are 10 questions in this section (typically). All questions are compulsory. Each question has 2 statements. Select ONLY ONE statement you feel is closest to your thinking and mark it on the answer sheet given to you.*

*સૂચનાઓ: આ વિભાગમાં 10 પ્રશ્નો છે (સામાન્ય રીતે). બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 2 વિધાનો છે. ફક્ત એક જ વિધાન પસંદ કરો જે તમને લાગે કે તમારી વિચારસરણીથી સૌથી નજીક છે અને તમને આપેલ જવાબ પત્રક પર તેને ચિહ્નિત કરો.*

***(Max. Marks: 20; Min. Marks: 0)***
***(મહત્તમ ગુણ: 20; ન્યૂનતમ ગુણ: 0)***

5. Which leader is the better choice in an organization?
   a] The one who is an expert in the field and has many innovations to his/her name. [0]
   b] The one who is concerned about how his/her actions will have a long-term impact on other employees in the organization. [2]

5. ઓર્ગેનાઈઝેશનમાં કયો લીડર સૌથી સારો વિકલ્પ છે?
   a] જે લીડર આ ક્ષેત્રમાં નિષ્ણાત છે અને તેમણે ઘણી નવીનતાઓ કરી છે - જેનો શ્રેય તેમને જાય છે. [0]
   b] જે લીડર પોતાના કાર્યોની ઓર્ગેનાઈઝેશનના અન્ય કર્મચારીઓ પર લાંબા ગાળાની અસર કેવી રીતે પડશે તેની ચિંતા કરે છે. [2]

*Explanation:*

- *Module 1: Who is a Contributor – 1.3 Why Contributors matter, Contributors contribute to their field of work and create long-term impact for others*
- *Here, students appreciate the value and importance of becoming Contributor's in today's context*

સમજૂતી –

- *મૉડ્યુલ 1: યોગદાનકર્તા કોણ છે – 1.3 યોગદાનકર્તાઓ શા માટે મહત્વપૂર્ણ છે? તેઓ તેમના કાર્યક્ષેત્રમાં યોગદાન આપે છે અને અન્ય લોકો પર લાંબા ગાળા સુધીનો પ્રભાવ ઊભો કરે છે.*
- *અહીં, વિદ્યાર્થીઓ આજના સંદર્ભમાં યોગદાનકર્તા બનવાના મૂલ્ય અને મહત્વની કદર કરે છે.*

6. Identify the statement with an I-CAN belief.
   a] "If I am not good at something, it will be difficult for me to do anything about it. This is the way I am." [0]
   b] "If I put in the right amount of effort, I can develop my skills, talents and abilities to handle any level of difficulty." [2]

6. **આઈ કેન** માન્યતા દર્શાવતા વિધાનને ઓળખો.
   a] "જો હું કોઈ બાબતમાં સારો ન હોઉં, તો તેના વિશે કંઈપણ કરવું મારા માટે મુશ્કેલ બનશે. હું આવો જ છું." [0]

SAMPLE QUESTIONS

b] "જો હું યોગ્ય માત્રામાં પ્રયત્નો કરીશ, તો હું કોઈપણ સ્તરની મુશ્કેલીનો સામનો કરવા માટે મારી કુશળતા, પ્રતિભા અને ક્ષમતાઓ વિકસાવી શકું છું." [2]

*Explanation:*

- *Module 3: The I-CAN Approach – 3.1 What is the I-CAN Approach, Contributors believe that they can learn on their own from multiple sources and it is possible to improve oneself in anything*
- *Here, students are able to recognize an I-CAN Approach or way of thinking in situations*

*સમજૂતી –*

- *મૉડ્યુલ* 3: *આઈ કેન અભિગમ* – 3.1 *આઈ કેન અભિગમ શું છે, યોગદાનકર્તાઓ માને છે કે તેઓ બહુવિધ સ્રોતોમાંથી પોતાની જાતે શીખી શકે છે અને કોઈપણ બાબતમાં પોતાને સુધારી શકે છે.*
- *અહીં, વિદ્યાર્થીઓ પરિસ્થિતિઓમાં આઈ કેન અભિગમ અથવા વિચારવાની રીત ઓળખી શકે છે.*

7. Who is choosing a Knowledge-Builder pathway in their career?
   a] A blogger who documents everything that is happening in his daily life for people to read. [0]
   b] A researcher who challenges fundamental assumptions in his field of study and tries to arrive at new theories/answers [2]

7. તેમની કારકિર્દીમાં નોલેજ-બિલ્ડર માર્ગ કોણ પસંદ કરી રહ્યું છે?
   a] એક બ્લોગર જે લોકો વાંચી શકે તે માટે તેના રોજિંદા જીવનમાં જે કંઇ પણ થઈ રહ્યું છે, તેને લખી રાખે છે. [0]
   b] એક રિસર્ચર જે તેના અભ્યાસના ક્ષેત્રમાં મૂળભૂત ધારણાઓને પડકારે છે અને નવા સિદ્ધાંતો/જવાબો મેળવવાનો પ્રયાસ કરે છે. [2]

*Explanation:*

- *Module 5: Career Development Pathways open to us – 5.2 To recognize the 'Researcher and Knowledge Builder' pathway*
- *Here, students are able to recognize and appreciate different Career Development Pathways and their contribution.*

*સમજૂતી –*

- *મૉડ્યુલ 5:* કારકિર્દી વિકાસના માર્ગો જે આપણા માટે ખુલ્લા છે – *5.2 'રિસર્ચ અને નોલેજ બિલ્ડર' માર્ગને ઓળખવા માટે.*
- *અહીં, વિદ્યાર્થીઓ વિવિધ કારકિર્દી વિકાસ માર્ગો અને તેમના યોગદાનને ઓળખી અને તેને સમજે છે.*

8. From the given statements, pick the auto rickshaw driver that has expanded their Power to Contribute the most –
   a] Mohan goes to those areas where other autos usually don't go, and stays on the look out for any stranded citizen, and offers to drop them safely to their destination at nominal cost. [2]
   b] Harish tries to take as many passengers as possible in a day and helps them reach their destination. [0]

SAMPLE QUESTIONS

8. આપેલ નિવેદનોમાંથી, રિક્ષા ડ્રાઇવરને પસંદ કરો કે જેણે સૌથી વધુ યોગદાન આપવાની તેમની શક્તિનો વિસ્તાર કર્યો છે -
   a] મોહન એવા વિસ્તારોમાં જાય છે જ્યાં સામાન્ય રીતે અન્ય રિક્ષાઓ ન જતી હોય. તે કોઈપણ ફસાયેલા નાગરિક ને શોધીને, અને નજીવી કિંમતે તેમને સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સુધી પહોંચાડે છે. [2]
   b] હરીશ એક દિવસમાં તેનાથી શક્ય થાયે તેટલા મુસાફરોને લઈ જવાનો પ્રયાસ કરે છે અને તેમને તેમના ગંતવ્ય સુધી પહોંચવામાં મદદ કરે છે. [0]

*Explanation:*

- *Module 6: Unleashing our Power to Contribute – 6.1 Understanding our Power to Contribute, focusing on highest contribution beyond role*
- *Here, students are able to recognize that any role has the potential for contribution beyond their regular duty.*

*સમજૂતી –*

- *મૉડ્યુલ 6: આપણી યોગદાન આપવાની શક્તિઓ ને બહાર લાવવી – 6.1 આપણી ભૂમિકાથી આગળ વધીને અને શ્રેષ્ઠ યોગદાન પર ધ્યાન કેન્દ્રિત કરીને, આપણી યોગદાન આપવાની શક્તિને સમજવી.*
- *અહીં, વિદ્યાર્થીઓ ઓળખી શકે છે કે કોઈપણ ભૂમિકામાં યોગદાન આપવાની સંભાવના તેમની નિયમિત ફરજથી પણ આગળ રહેલી છે.*

9. "To succeed, I must believe in myself, take risks and courageously face challenges."
   a] This is a Caged Response. [0]
   b] This is a Creator Response. [2]

9. "સફળ થવા માટે, મારે મારી જાત પર વિશ્વાસ કરવો જોઈએ, જોખમ લેવું જોઈએ અને પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ."
   a] આ એક સંકુચિત અભિગમ છે. [0]
   b] આ એક સર્જક અભિગમ છે. [2]

*Explanation:*

- *Module 2: The Creator Approach to life & challenges – 2.1 What is a Creator Approach? Contributors believe that they determine their outcomes and do not depend on/ tend to blame external sources*
- *Here, students are able to recognize & appreciate a "caged" approach as distinct from a "creator" approach in the way people deal with challenges and situations*

*સમજૂતી –*

- *મૉડ્યુલ 2: જીવન અને પડકારો પ્રત્યે સર્જક અભિગમ – 2.1 સર્જક અભિગમ શું છે? યોગદાનકર્તાઓ માને છે કે તેઓ તેમના પરિણામો નક્કી કરે છે અને બાહ્ય સ્ત્રોતો પર આધાર રાખતા નથી/ દોષ આપતા નથી.*
- *અહીં, વિદ્યાર્થીઓ પડકારો અને પરિસ્થિતિઓનો સામનો કરવાની રીતમાં 'સર્જક' અભિગમથી અલગ સંકુચિત અભિગમને ઓળખી શકે છે.*

SAMPLE QUESTIONS

10. Which statement focuses on building the roots of Sustainable Success?
   a] "I won a silver medal in an intercollegiate Robotics competition last year. For this year, I should focus on improving my problem-solving and technical capacities so I can make a better model." [2]
   b] "I won a silver medal in an intercollegiate Robotics competition last year. For this year, I should focus on getting a medal again." [0]

10. કયું વિધાન ટકાઉ અને લાંબી સફળતાના મૂળના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે?
   a] "મેં ગયા વર્ષે ઇન્ટરકોલેજિયેટ રોબોટિક્સ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ વર્ષ માટે, મારે મારી સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતાઓ અને તકનીકી ક્ષમતાઓને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી હું વધુ સારું મૉડેલ બનાવી શકું." [2]
   b] "મેં ગયા વર્ષે ઇન્ટરકોલેજિયેટ રોબોટિક્સ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ વર્ષ માટે, મારે ફરીથી મેડલ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ." [0]

*Explanation:*

- *Module 4: Achieving Sustainable Success in our career – 4.2 How to build Sustainable Success in my career: The Tree of Sustainable Success, Contributors focus on developing their skills and abilities (Roots of Success).*
- *Here, students are able to widen their understanding of success that will help them make more sustainable career choices.*

*સમજૂતી –*

- *મૉડ્યુલ 4: આપણી કારકિર્દીમાં ટકાઉ અને લાંબી (સસ્ટેનેબલ) સફળતા મેળવવા માટે – 4.2 મારી કારકિર્દીમાં ટકાઉ સફળતા કેવી રીતે બનાવવી: ટકાઉ સફળતાનું વૃક્ષ, યોગદાનકર્તાઓ તેમની કુશળતા અને ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન આપે છે (સફળતાના મૂળ).*
- *અહીં, વિદ્યાર્થીઓ સફળતાની તેમની સમજને વિસ્તૃત કરી શકે છે જે તેમને વધુ ટકાઉ કારકિર્દી પસંદગીઓ કરવામાં મદદ કરી શકે છે.*

SAMPLE QUESTIONS

## Section C

## વિભાગ C

*Instructions: This section has 5 questions (typically). All questions are compulsory. Each question has 4 statements and 4 possible option choices. Choose ONLY ONE option (out of the 4 given) and mark it on the answer sheet given to you.*

*સૂચનાઓ: આ વિભાગમાં 5 પ્રશ્નો છે (સામાન્ય રીતે). બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 4 વિધાનો અને 4 સંભવિત વિકલ્પો છે. આપેલ 4 માંથી, ફક્ત એક જ વિકલ્પ પસંદ કરો અને તમને આપેલ જવાબ પત્રક પર તેને ચિહ્નિત કરો.*

***(Max. Marks: 10; Min. Marks: 0)***
***(મહત્તમ ગુણ: 10; ન્યૂનતમ ગુણ: 0)***

11. Trishla has written an article on Career Trends which has been rejected by a few publishers. Which of the following statements show that she has "stronger roots"? *(You can choose more than one statement.)*
    1. "I will get my article reviewed from a knowledgeable person to see if I can make any improvements from my side."
    2. "I cannot deal with one more rejection from another publisher."
    3. "I need to make it to the list of 'Top 10 Authors of India' as that is my goal."
    4. "I have researched well for the article & learnt in the process as well. I can continue to look for other publishers."

    a] 2 & 3 b] 3 & 4 **c] 1 & 4** d] 2

11. ત્રિશલાએ કારકિર્દી ટ્રેન્ડ પર એક લેખ લખ્યો છે જેને થોડા પ્રકાશકોએ નકારી કાઢ્યો છે. નીચેનામાંથી કયું વિધાન દર્શાવે છે કે તેની પાસે 'મજબૂત મૂળ' છે? (તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)
    1. "હું મારી બાજુથી કોઈ સુધારો કરી શકું છું કે કેમ, તે જોવા માટે, હું મારા લેખની જાણકાર વ્યક્તિ પાસેથી સમીક્ષા કરાવીશ."
    2. "હું બીજા પ્રકાશક તરફથી વધુ એક અસ્વીકાર નહીં લઈ શકીશ."
    3. "મારે 'ભારતના ટોચના 10 લેખકો'ની યાદીમાં સ્થાન મેળવવું છે કારણ કે તે મારું લક્ષ્ય છે."
    4. "મેં લેખ માટે સારી રીતે સંશોધન કર્યું છે અને તેની પ્રક્રિયામાં પણ ઘણું શીખી છું. હું અન્ય પ્રકાશકોને શોધવાનું ચાલુ રાખીશ."

    a] 2 અને 3 b] 3 અને 4 c] 1 અને 4 d] 2

*Explanation:*
- *Module 4: Achieving Sustainable Success in our career – 4.2 How to build Sustainable Success in my career: The Tree of Sustainable Success*
- *Here, students are able to widen their understanding of success that will help them make more sustainable career choices*

SAMPLE QUESTIONS

*સમજૂતી –*

- *મૉડ્યુલ 4: આપણી કારકિર્દીમાં ટકાઉ અને લાંબી (સસ્ટેનેબલ) સફળતા મેળવવા માટે – 4.2 મારી કારકિર્દીમાં ટકાઉ સફળતા કેવી રીતે બનાવવી: ટકાઉ સફળતાનું વૃક્ષ.*
- *અહીં, વિદ્યાર્થીઓ સફળતાની તેમની સમજને વિસ્તૃત કરી શકે છે જે તેમને વધુ ટકાઉ કારકિર્દી પસંદગીઓ કરવામાં મદદ કરી શકે છે.*

12. In a team project, Vikas wishes to include as many students willing to work with him as possible, while Dharmesh chooses only those whom he considers good at work. What can you say about Vikas? *(Rank in order of most contributive option to least contributive option)*
    1. Vikas is confident of his abilities to make everyone work.
    2. Vikas wants to include more people because he believes that 'more people equals more work done'.
    3. Vikas values each person and his/her capacity to work.
    4. Vikas values students working together so that the project outcomes are met by them.

    a] **4-3-2-1** b] 1-2-3-4 c] 3-2-4-1 d] 2-1-3-4

12. એક ટીમ પ્રોજેક્ટમાં, વિકાસ તેની સાથે કામ કરવા ઇચ્છુક બને તેટલા વિદ્યાર્થીઓને સામેલ કરવા માંગે છે, જ્યારે ધર્મેશ ફક્ત તે જ લોકોને પસંદ કરે છે જેમને તે કામમાં સારા માને છે. તમે વિકાસ વિશે શું કહી શકો? *(સૌથી ઓછા યોગદાનકર્તા વિકલ્પથી સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પના ક્રમમાં રેન્ક કરો)*
    1. વિકાસને દરેકને કામ કરવા માટે તેની ક્ષમતાઓ પર વિશ્વાસ છે.
    2. વિકાસ વધુ લોકોને સામેલ કરવા માંગે છે કારણ કે તે માને છે કે 'વધુ લોકો વધુ કામ કરે છે'.
    3. વિકાસ દરેક વ્યક્તિ અને તેની કામ કરવાની ક્ષમતાને મહત્વ આપે છે.
    4. વિકાસ, એ વાતને મહત્વ આપે છે કે વિદ્યાર્થીઓ સાથે મળીને કામ કરે છે, જેથી પ્રોજેક્ટના પરિણામો તેમના દ્વારા પ્રાપ્ત થાય.

    **a] 4-3-2-1** b] 1-2-3-4 c] 3-2-4-1 d] 2-1-3-4

*Explanation:*

- *Module 1: Who is a Contributor – 1.1 Understanding Contributors, Vikas values person and shows concern for them and includes everyone who wants to be a part of his team*
- *Here, students are able to recognize the work ideal of a Contributor in terms of their motives for working and their approach to work*

*સમજૂતી –*

- *મૉડ્યુલ 1: યોગદાનકર્તા કોણ છે – 1.1 યોગદાનકર્તાની સમજણ, વિકાસ લોકોની કદર કરે છે અને તેમના પ્રત્યેની તેની ચિંતા દર્શાવે છે. તે દરેક વ્યક્તિને, જે તેની ટીમનો ભાગ બનવા માંગે છે તેને સામેલ કરે છે.*
- *અહીં, વિદ્યાર્થીઓ તેમના કાર્ય કરવાના હેતુઓ અને કાર્ય પ્રત્યેના અભિગમના સંદર્ભમાં યોગદાનકર્તાના કાર્ય આદર્શને ઓળખી શકે છે.*

SAMPLE QUESTIONS

13. Kaushik aspires to become a successful writer. In order to help him make this journey, rank the below statements in a logical sequence that will help him to reach his ultimate goal. *(Rank in increasing order of I-CANs, first step to last step in building I-CANs to achieving his goal)*

1. Cultivate skills and develop a network by writing formally for newspapers, magazines, own collection of short stories.
2. Practice writing every day, read various kinds of literature and books, take courses on creative writing.
3. Build excellence by being eligible for national and international level book prizes.
4. Build confidence by regularly participating in competitive writing contests.

a] 2-1-3-4 **b] 2-4-1-3** c] 4-1-3-2 d] 1-2-4-3

13. કૌશિક સફળ લેખક બનવાની ઈચ્છા ધરાવે છે. તેને આ પ્રવાસ કરવામાં મદદ કરવા માટે, નીચેના વિધાનોને તાર્કિક અનુક્રમમાં ક્રમાંક આપો જે તેને તેના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરશે. *(આઈ કેન ના વધતા ક્રમમાં રેન્ક કરો - તેના ધ્યેયને હાંસલ કરવા માટે આઈ કેન બનાવવાના પહેલા થી છેલ્લા પગલાં સુધી)*

1. અખબારો, સામયિકો, ટૂંકી વાર્તાઓના પોતાના સંગ્રહ માટે ઔપચારિક રીતે લખીને કુશળતા કેળવો અને નેટવર્ક વિકસાવો.
2. દરરોજ લખવાની પ્રેક્ટિસ કરો, વિવિધ પ્રકારના સાહિત્ય અને પુસ્તકો વાંચો, સર્જનાત્મક લેખનનો અભ્યાસક્રમ લો.
3. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પુસ્તક ઈનામો માટે પાત્ર બનીને શ્રેષ્ઠતા કેળવો.
4. સ્પર્ધાત્મક લેખન સ્પર્ધાઓમાં નિયમિતપણે ભાગ લઈને આત્મવિશ્વાસ કેળવો.

a] 2-1-3-4 **b] 2-4-1-3** c] 4-1-3-2 d] 1-2-4-3

*Explanation:*

- *Module 3: The I-CAN Approach – 3.3 Applying the I-CAN Approach, the I-CAN Approach is built step-by-step from smaller I-CANs to bigger I-CANs.*
- *Here, students learn how to apply this thinking to systematically develop themselves and their self-confidence in any area they choose.*

*સમજૂતી –*

- મૉડ્યુલ *3:* આઈ કેન અભિગમ – *3.3* આઈ કેન અભિગમનો ઉપયોગ કરીને*,* આઈ કેન એપ્રોચ*,* નાના આઈ કેન થી મોટા આઈ કેન સુધી તબક્કાવાર બનાવવામાં આવે છે.
- અહીં, વિદ્યાર્થીઓ શીખે છે કે તેઓ પસંદ કરેલા કોઈપણ ક્ષેત્રમાં પોતાને અને તેમના આત્મવિશ્વાસને વ્યવસ્થિત રીતે વિકસાવવા માટે આ વિચારસરણીને કેવી રીતે લાગુ કરવી.

SAMPLE QUESTIONS

**Section D**
**વિભાગ D**

*Instructions: There are 10 questions in this section (typically). All questions are compulsory. Each question has 3 options. Select ONLY ONE option you feel is the most appropriate and mark it on the answer sheet given to you.*

*સૂચનાઓ – આ વિભાગમાં 10 પ્રશ્નો છે (સામાન્ય રીતે). બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 વિકલ્પો છે. તમને સૌથી યોગ્ય લાગે તે માત્ર એક જ વિકલ્પ પસંદ કરો અને તમને આપેલ જવાબ પત્રક પર તેને ચિહ્નિત કરો.*

***(Max. Marks: 30; Min. Marks: 0)***
***(મહત્તમ ગુણ: 30; ન્યૂનતમ ગુણ: 0)***

14. A charity event in Gujarat is far more crowded than expected. Which member of the Organizing Committee is approaching the situation like a Contributor?
   a] Utpal – "People have come together for a good cause. Now, I must find alternative arrangements to ensure the whole event goes smoothly." [3]
   b] Poojan - "It's my responsibility to sort out issues like parking, availability of food, water, etc. so that everyone's experience is as smooth as possible." [2]
   c] Rahil - "I will do what I can since we were unprepared for such a large crowd." [1]

14. ગુજરાતમાં એક ચેરિટી ઈવેન્ટમાં અપેક્ષા કરતા વધારે ઘણા લોકો આવ્યા. આયોજક સમિતિના કયા સભ્ય યોગદાનકર્તાની જેમ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે?
   a] ઉત્પલ – "લોકો એક સારા હેતુ માટે ભેગા થયા છે. હવે, મારે વૈકલ્પિક વ્યવસ્થાઓ શોધવી જોઈએ જેથી કરીને આખી ઘટના સરળતાથી પાર પડે." [3]
   b] પૂજન – "પાર્કિંગ, ખોરાક, પાણી વગેરેની ઉપલબ્ધતા જેવા મુદ્દાઓને ઉકેલવાની જવાબદારી મારી છે જેથી દરેકનો અનુભવ શક્ય તેટલો સરળ રહે." [2]
   c] રાહિલ – "હું જે કરી શકું તે કરીશ કારણ કે અમે આટલી મોટી ભીડ માટે તૈયાર ન હતા." [1]

*Explanation:*
- *Module 1: Who is a Contributor – 1.2 How do Contributor's Approach their work? – They use power and position to help people reach their goals with minimum hassle (make things happen)*
- *Here, students are able to recognize the work ideal of a Contributor in terms of their motives for working and approach to work.*

*સમજૂતી –*
- મૉડ્યુલ *1:* યોગદાનકર્તા કોણ છે – *1.2* યોગદાનકર્તા નો તેમના કાર્ય પ્રત્યેનો અભિગમ – તેઓ શક્તિ અને પદનો ઉપયોગ, લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી સાથે તેમના લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરે છે (વસ્તુઓ શક્ય બનાવે છે).
- અહીં, વિદ્યાર્થીઓ તેમના કાર્ય કરવાના હેતુઓ અને કાર્ય પ્રત્યેના અભિગમના સંદર્ભમાં યોગદાનકર્તાના કાર્ય આદર્શને ઓળખી શકે છે.

SAMPLE QUESTIONS

15. Shyamik is a college librarian. Due to a sudden need for more teachers, he has been offered a part-time job to teach another subject in the same college. Identify the statement where he is demonstrating an I-CAN belief?
 a] "Before saying yes or no, let me wait and see if they are offering any training or guidance first." [2]
 b] "This is an opportunity to learn how to teach a new subject and manage a class." [3]
 c] "I should not accept this offer. What if I teach badly and the students complain?" [1]

15. શ્યામિક કોલેજ ગ્રંથપાલ છે. વધુ શિક્ષકોની અચાનક જરૂરિયાતને કારણે, તેને તે જ કોલેજમાં અન્ય વિષય ભણાવવા માટે પાર્ટ-ટાઇમ જોબની ઓફર કરવામાં આવી છે. વિધાન ઓળખો જ્યાં તે આઈ કેન માન્યતા દર્શાવે છે?
 a] "હા કે ના કહેતા પહેલા, મને રાહ જોવા દો અને જોવા દો કે તેઓ કોઈ તાલીમ અથવા માર્ગદર્શન આપી રહ્યા છે કે." [2]
 b] "નવો વિષય કેવી રીતે શીખવવો અને વર્ગને કેવી રીતે સંભાળવું તે શીખવાની આ એક તક છે." [૩]
 c] "મારે આ ઓફર સ્વીકારવી ન જોઈએ. જો હું ખરાબ રીતે ભણાવું અને વિદ્યાર્થીઓ ફરિયાદ કરે તો?" [1]

*Explanation:*
- *Module 3: The I-CAN Approach – 3.1 What is the I-CAN Approach? – Contributors use an I-CAN Approach to learn a new area or method*
- *Here, students are able to recognize an I-CAN Approach or way of thinking in situations*

*સમજૂતી –*
- મૉડ્યુલ *3:* આઈ કેન અભિગમ – *3.1* આઈ કેન અભિગમ શું છે*?* – યોગદાનકર્તાઓ નવા ક્ષેત્ર અથવા તેની પદ્ધતિ શીખવા માટે આઈ કેન અભિગમનો ઉપયોગ કરે છે.
- અહીં, વિદ્યાર્થીઓ પરિસ્થિતિઓમાં આઈ કેન અભિગમ અથવા વિચારવાની રીતને ઓળખી શકે છે.

16. As a student, if you wanted to achieve sustainable success, what should you do?
 a] To be thorough with notes given by seniors to guarantee above-average marks in exams. [1]
 b] To participate in all kinds of activities in college and grab every opportunity to meet people and learn from them. [3]
 c] To concentrate on studying the syllabus and its applications in order to do well in all subjects. [2]

16. એક વિદ્યાર્થી તરીકે, જો તમે ટકાઉ સફળતા હાંસલ કરવા માંગતા હો, તો તમારે શું કરવું જોઈએ ?
 a] સિનિયર દ્વારા આપેલા નોટ્સને સંપૂર્ણ રીતે સમજવું જેથી પરીક્ષામાં એવ્રેજથી ઉપર માર્ક્સ સુનિશ્ચિત થઈ શકે. [1]
 b] કોલેજમાં તમામ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો અને લોકોને મળવાની અને તેમની પાસેથી શીખવાની દરેક તક ઝડપી લેવી. [૩]
 c] બધા વિષયોમાં સારું પ્રદર્શન કરવા માટે પાઠ્યક્રમ અને તેના અનુપ્રયોગોના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું. [2]

*Explanation:*
- *Module 4: Achieving Sustainable Success in our career – 4.2 How to build Sustainable Success in my career: The Tree of Sustainable Success*
- *Here, students are able to widen their understanding of success that will help them make more sustainable career choices*

SAMPLE QUESTIONS

*સમજૂતી –*

- મૉડ્યુલ *4:* આપણી કારકિર્દીમાં ટકાઉ અને લાંબી (સસ્ટેનેબલ) સફળતા મેળવવા માટે – *4.2* મારી કારકિર્દીમાં ટકાઉ સફળતા કેવી રીતે બનાવવી, ટકાઉ સફળતાનું વૃક્ષ
- અહીં, વિદ્યાર્થીઓ સફળતાની તેમની સમજને વિસ્તૃત કરી શકે છે જે તેમને વધુ ટકાઉ કારકિર્દી પસંદગીઓ કરવામાં મદદ કરી શકે છે.

17. Hrishi wants to pursue his passion for painting as his career. Which of these statements is a contribution that he can make as a Professional Achiever?
    a] He can participate in multiple competitions. [1]
    b] He can be an expert who can guide other aspiring painters. [2]
    c] He can create his own painting style and set new standards of excellence. [3]

17. હૃષિ ચિત્રકામ પ્રત્યેના પોતાના જુસ્સાને પોતાની કારકિર્દી તરીકે આગળ વધારવા માંગે છે. એક પ્રોફેશનલ અચિવર તરીકે આમાંથી કયું વિધાન એક યોગદાન છે?
    a] તે અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે. [1]
    b] તે એક નિષ્ણાત બની શકે છે જે અન્ય મહત્વાકાંક્ષી ચિત્રકારોને માર્ગદર્શન આપી શકે છે. [2]
    c] તે પોતાની ચિત્રકામ શૈલી બનાવી શકે છે અને શ્રેષ્ઠતાના નવા ધોરણો સ્થાપિત કરી શકે છે. [3]

*Explanation:*

- *Module 5: Career Development Pathways open to us – 5.1 Career Development Pathways – Part 1, Contributions to make as a Professional Achiever*
- *Here, students are able to recognize and appreciate different Career Development Pathways and their value*

*સમજૂતી –*

- મૉડ્યુલ *5:* કારકિર્દી વિકાસના માર્ગો જે આપણા માટે ખુલ્લા છે – *5.1* કારકિર્દી વિકાસના માર્ગો – ભાગ ૧, એક પ્રોફેશનલ અચિવર તરીકે યોગદાન આપવાની તકો.
- અહીં, વિદ્યાર્થીઓ વિવિધ કારકિર્દી વિકાસ માર્ગો અને તેમના મૂલ્યને ઓળખી અને તેને સમજી શકે છે.

18. The national census is going on and teachers are required to go from house to house for collecting data. Manisha, a teacher, is not interested in doing it. What thought will help her most to get involved with the work?
    a] "This work, though difficult, can become interesting if people are enthusiastic about it." [1]
    b] "This work will be important for the government to get accurate data about the people of the country." [3]
    c] "This work will help various people like policy makers." [2]

18. રાષ્ટ્રીય વસ્તી ગણતરી ચાલી રહી છે અને શિક્ષકોએ ઘરે ઘરે જઈને માહિતી એકત્રિત કરવાની જરૂર છે . મનીષા, એક શિક્ષિકા, તે કરવામાં રસ ધરાવતી નથી. આ કાર્યમાં સામેલ થવા માટે તેમને કયો વિચાર સૌથી વધુ મદદ કરશે?
    a] "આ કાર્ય મુશ્કેલ હોવા છતાં, જો લોકો તેના પ્રત્યે ઉત્સાહી હોય તો તે રસપ્રદ બની શકે છે." [1]
    b] "દેશના લોકો વિશે સચોટ ડેટા મેળવવા માટે સરકાર માટે આ કાર્ય મહત્વપૂર્ણ રહેશે." [3]
    c] "આ કાર્ય નીતિ નિર્માતાઓ જેવા વિવિધ લોકોને મદદ કરશે." [2]

SAMPLE QUESTIONS

*Explanation:*

- *Module 6: Unleashing our Power to Contribute – 6.3 Expanding my Power to Contribute, Contributors seeks to create meaningful impact through their role*
- *Here, students learn how to systematically expand the contributions and impact they can make in any role*

*સમજૂતી –*

- મૉડ્યુલ 6: આપણી યોગદાન આપવાની શક્તિઓ ને બહાર લાવવી – 6.3 યોગદાન આપવાની મારી શક્તિનો વિસ્તાર કરીને, યોગદાનકર્તાઓ તેમની ભૂમિકા દ્વારા અર્થપૂર્ણ પ્રભાવ બનાવવાનો પ્રયાસ કરે છે.
- અહીં, વિદ્યાર્થીઓ શીખે છે કે તેઓ કોઈપણ ભૂમિકામાં વ્યવસ્થિત રીતે પોતાનું યોગદાન અને પ્રભાવ કેવી રીતે વધારી શકે છે.

19. Elections are coming up and it is the first time Karun is eligible to vote. What is the best Creator response in such a situation?
    a] "I will vote for Party A in the upcoming elections because my family always votes for them." [1]
    b] "I will vote for Party A in the upcoming elections because I have done my research and am convinced about choosing them." [3]
    c] "I will vote for Party A in the upcoming elections because my friends have given examples of their good work." [2]

19. ચૂંટણીઓ આવી રહી છે અને કરુણ પ્રથમ વખત મતદાન કરવા માટે લાયક છે. આવી પરિસ્થિતિમાં સર્જકનો શ્રેષ્ઠ પ્રતિભાવ શું છે?
    a] "હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મારો પરિવાર હંમેશા તેમને મત આપે છે." [1]
    b] "હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મેં મારું સંશોધન કર્યું છે અને હું તેમને પસંદ કરવા માટે ખાતરી આપું છું." [3]
    c] "હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મારા મિત્રોએ તેમના સારા કામના ઉદાહરણો આપ્યા છે." [2]

*Explanation:*

- *Module 2: The Creator Approach to life & challenges – 2.2 Six Creator Practices – Part 1, Contributors demonstrate Lion Thinking rather than Sheep Thinking in any decision they make*
- *Here, students learn ways to develop a Creator Approach*

*સમજૂતી –*

- મૉડ્યુલ *2:* જીવન અને પડકારો પ્રત્યે સર્જક અભિગમ – *2.2* છ સર્જક પ્રથાઓ – ભાગ ૧, યોગદાનકર્તાઓ કોઈપણ નિર્ણયમાં ઘેટાંની વિચારસરણી ને બદલે સિંહની વિચારસરણીનું પ્રદર્શન કરે છે.
- અહીં, વિદ્યાર્થીઓ સર્જક અભિગમ વિકસાવવાની રીતો શીખે છે.

************

SAMPLE QUESTIONS